## શો મસ્ટ ગો ઓન

જ્ઞાનોત્સવ દરમ્યાન શાળામાં ભણતી એક દિકરીના પિતાનું અવસાન થયું હતુ.બધાને એમ હતુ કે હવે દિકરી જ્ઞાનોત્સવમાં જોડાઇ નહી શકે. પરંતુ બધાના આશ્ચર્ય વચ્ચે સ્વર્ગસ્થ પિતાના ક્રિયાકર્મ પતાવ્યા બાદ બીજા જ દિવસે એ દિકરી **"જ્ઞાનોત્સવ"** માં પોતાના પ્રોજેક્ટ સાથે હાજર હતી. તેને જોઇને બધા જ લાગણીશીલ બની ગયા હતા.

## આગવા અભિગમ સાથે ઉત્તમ કેળવણી

નારાયણ વિદ્યાલયના ડાયરેક્ટર ડૉ. ભગુભાઇ પ્રજાપતિના માર્ગદર્શનમાં થયેલ અનેક શૈક્ષણિક પ્રયોગોએ વિદ્યાર્થીઓના જીવનમાં અજવાળાં પાથર્યા છે.આગવા અભિગમ સાથે **"પારસમણિના સ્પર્શે"** પ્રોજેક્ટ હેઠળ શાળાના વિદ્યાર્થીઓએ જાહેર જીવનમાં કાર્ય કરતા નેતાઓ, પદાધિકારીઓ, અધિકારીઓ, ઉદ્યોગપતિઓ, વકીલો, તબીબો સહિત વિવિધ ક્ષેત્રે સફળ થયેલ વ્યકિતઓના ઇન્ટરવ્યુ લઇ તેમની સફળતાના રહસ્યોથી અવગત થયા હતા. અન્ય એક પ્રોજેક્ટ હેઠળ વિદ્યાર્થીઓએ વિવિધ વ્યવસાયકારો સાથે આખો દિવસ વિતાવી તેમના દૈનિક કાર્યોમાંથી પ્રેરણા પ્રાપ્ત કરી હતી. વિદ્યાર્થીઓ સ્વં શિક્ષણ પ્રાપ્ત કરે તે માટે **" સેલ્ફ લર્નિંગ પ્રોજેક્ટ"** હેઠળ વિદ્યાર્થીઓએ જાતે એક શિક્ષકની ભૂમિકા નિભાવી આગવો અભિગમ અપનાવ્યો હતો. આજે પણ નારાયણ વિદ્યાલયના શિક્ષકો પ્રતિવર્ષ **"જ્ઞાનસત્ર"** થકી પોતાના જ્ઞાન અને કૌશલ્યમાં વધારો કરે છે. આવા અનેક શૈક્ષણિક પ્રયોગો કરી નારાયણ વિદ્યાલયે શૈક્ષણિક ક્ષેત્રે પોતાની એક અલગ ઓળખ બનાવી છે.

**લિ. જગદીશ પરમાર**

---

**મા. શ્રી ઇશ્વરસિંહ બી. ગોહિલ**
પૂર્વ સંપાદક શિક્ષકજયોત,
નિવૃત્ત આચાર્ય કડોદરા,
મુ.પો. નરણાવી તા. વાગરા જી.ભરૂચ

આત્મીયશ્રી ,
ભગુભાઇ પ્રજાપતિ સાહેબ,

સાદર પ્રણામ

આપની નોકરીની શરૂઆત લગભગ કડોદરા શારદા વિદ્યામંદિર તા.વાગરાથી થઇ ત્યારથી જ આપ ખૂબ જ કાર્યશીલ,આધ્યાત્મિકવૃત્તિ અને સર્જનાત્મક પ્રવૃત્તિ વાળા છો. ૧૯૮૬ માં આપણે તીર્થરાજમિલન માં પ્રયાગરાજ સાથે જ હતાં. ત્યારે પણ તમે બધાંના દિલ જીતી લીધાં હતાં. ત્યારબાદ આપ હાલ ઘણાં વર્ષોથી પરમ શ્રધ્ધેય બ્રહ્મલીન પૂ.સંતશ્રી નારાયણ બાપુના આર્શિવાદ પ્રાપ્ત એવી **"નારાયણ વિદ્યાલય"** ના સુકાની બની ધૂરા સંભાળી રહ્યા છો. જેમાં વાલીઓ અને વિદ્યાર્થીઓનો આપે અખૂટ પ્રેમ સંપાદન કર્યો છે. જેમાં વાત્સલ્ય મૂર્તિ એવા મિલનસાર સ્વભાવના કોકીલાબહેન નો પુરો સહયોગ હતો.થોડાં સમય પહેલાં તેઓ ભગવાનને વ્હાલા થયા પણ તેઓની સ્મૃતિ વિસરી શકાય તેમ નથી.

અગાઉ આપશ્રી એ મોકલેલ ત્રિવેણી સંગમ અને શિક્ષક અમૃત્તમ્ પુસ્તકો વાંચ્યા. ખૂબ જ સરસ માહિતી સભર લાગ્યા.તેવી જ રીતે નારાયણ વિદ્યાલયનો ગુજરાતી માધ્યમ નો અંક ૨૮ અને અંગ્રેજી માધ્યમનો પાંચમો અંક પ્રાપ્ત થતાં બન્ને અંકોનો વિગતે અભ્યાસ કર્યો. આપની શાળાની વિવિધ પ્રવૃત્તિઓ, વિદ્યાર્થીઓની પ્રગતિ વિગેરે જોતા ખૂબ જ આનંદ થયો. પ્રેરણા પણ મળી. આવા વિવિધ કાર્યક્રમોમાં અમોને સહભાગી બનાવશો. એ જ અભ્યર્થના સહ .

---





## ધોરણ : ૧૦ માર્ચ ૨૦૨૧- ૨૨ નું S.S.C બોર્ડની પરીક્ષાનું પરિણામ

તા. ૬-૬-૨૨

| સંખ્યાકીય માહિતી | કુલ બેઠા | પાસ | પરિણામ |
|---|---|---|---|
| નારાયણ વિદ્યાલય | ૧૪૪ | ૧૨૭ | ૮૮.૧૯ |
| **SSC** બોર્ડનું પરિણામ | ૭૭૨૭૭૧ | ૫૦૩૭૨૬ | ૬૫.૧૮ |
| ભરૂચ જિલ્લા | ૧૯૩૪૪ | ૧૨૫૦૮ | ૬૪.૬૬ |



### પ્રથમ દશ વિદ્યાર્થીઓની યાદી

| નં | વિદ્યાર્થીનું નામ | કુલ ગુણ ૬૦૦ માંથી | ટકા | ગ્રેડ | પર્સન્ટાઇલ |
|---|---|---|---|---|---|
| ૧ | ભરૂચા વિદિતા પ્રદિપકુમાર | 574 | 95.67 | A1 | 99.88 |
| ૧ | મોદી અશ્વિની નરેન્દ્ર | 574 | 95.67 | A1 | 99.88 |
| ૨ | પટેલ ઝીલ સંદીપભાઇ | 552 | 92 | A1 | 99.04 |
| ૩ | ચૌહાણ રુચિત દક્ષેશકુમાર | 547 | 91.16 | A1 | 98.73 |
| ૩ | રાણા પંકિત અંકુરકુમાર | 547 | 91.16 | A1 | 98.73 |
| ૪ | કાયસ્થ વેદ રાહુલકુમાર | 538 | 89.66 | A2 | 98.08 |
| ૫ | રાજ દૃષ્ટિબેન કિશોરસિંહ | 535 | 89.16 | A2 | 97.84 |
| ૬ | ચૌહાણ રિતેશ રાકેશભાઇ | 532 | 88.66 | A2 | 97.58 |
| ૭ | પટેલ નીલ વિજયસિંહ | 531 | 88.5 | A2 | 97.5 |
| ૮ | મોદી આયુષી મનીષભાઇ | 528 | 88 | A2 | 97.22 |
| ૮ | રાણા શ્રેયાન્સી કલ્પેશકુમાર | 528 | 88 | A2 | 97.22 |
| ૯ | કટારિયા ઉર્મિ મહેશભાઇ | 523 | 87.16 | A2 | 96.74 |
| ૧૦ | ચૌહાણ મિતાલીબેન જીતેશભાઇ | 519 | 86.5 | A2 | 96.33 |

### વિષયવાર સૌથી વધુ ગુણ

| વિષય | વિદ્યાર્થીનું નામ | ગુણ |
|---|---|---|
| ગુજરાતી | ચૌહાણ રુદ્ર મિનેશભાઇ | 96 |
| ગણિત | ભરૂચા વિદિતા પ્રદિપકુમાર | 99 |
| | મોદી અશ્વિની નરેન્દ્રભાઇ | 99 |
| | કટારિયા ઉર્મિ મહેશભાઇ | 99 |
| વિજ્ઞાન | મોદી અશ્વિની નરેન્દ્રભાઇ | 100 |
| અંગ્રેજી | મોદી અશ્વિની નરેન્દ્રભાઇ | 98 |
| સમાજ | ભરૂચા વિદિતા પ્રદિપકુમાર | 99 |
| | મોદી અશ્વિની નરેન્દ્રભાઇ | 99 |
| સંસ્કૃત | રાણા પંકિત અંકુરકુમાર | 98 |

**કોઇ દિવસ નિર્ણય લીધા પછી ગભરાશો નહિં, નિર્ણય સાચો હશે તો સફળતા મળશે, ખોટો નિર્ણય હશે તો કંઇક શીખવા મળશે.**

| વિષય | વિષય શિક્ષકનું નામ | કુલ બેઠા | પાસ | ટકા |
|---|---|---|---|---|
| ગુજરાતી | મીકીસાબેન રાણા | 144 | 140 | 97.22% |
| ગણિત | કે.આર.પટેલ<br>કે.પી.મિસ્ત્રી | 144 | 129 | 89.58% |
| વિજ્ઞાન | કે.આર.પટેલ<br>કે.પી.મિસ્ત્રી | 144 | 135 | 93.75% |
| સામાજીકવિજ્ઞાન | મનીષાબેન જાદવ | 144 | 142 | 98.61% |
| અંગ્રેજી | સી.એન.પરમાર | 144 | 141 | 97.92% |
| સંસ્કૃત | સી.એન.પરમાર<br>મીકીસાબેન રાણા | 144 | 139 | 96.53% |
| કોમ્પ્યુટર | મયુરીબેન પટેલ<br>કે.પી.મિસ્ત્રી | 144 | 144 | 100% |

### ગ્રેડ પ્રમાણે પરિણામ

| ગ્રેડ | વિદ્યાર્થીઓની સંખ્યા |
|---|---|
| A1 | 5 |
| A2 | 24 |
| B1 | 30 |
| B2 | 33 |
| C1 | 29 |
| C2 | 5 |
| D | 1 |
| E1 | 17 |
| કુલ | 144 |